જીરુવાળથી

ક્રમાંકઃ જી-૧(ક્રાઇમ)/૫૫૫-૭૦/૨૮૪૭/૦૯
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,
પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮
તા.૧૩/૭/૨૦૦૯

**સ્થાયી હુકમ નં. ૪/૦૯**

**વિષયઃ** માઇનોર ફોજદારી ગુનાઓમાં નીલ સ્ટેટમેન્ટ લખવાની પ્રથા બંધ કરવા બાબત તેમજ ફોજદારી ગુનાઓમાં પંચનામું સી.બી.આઇ. ના ધોરણે કરવા બાબત.

**I માઇનોર ગુનાઓમાં નીલ સ્ટેટમેન્ટ લખવાની પ્રથા બંધ કરવા બાબત.**

ગુજરાત રાજયમાં દર વર્ષે મોટી સંખ્યામાં આઇપીસી, પ્રોહી. એકટ તેમજ અન્ય કાયદાઓ હેઠળ ફોજદારી ગુનાઓ દાખલ થાય છે. હાલમાં તમામ ગુનાઓમાં જે સાક્ષીઓ કંઇ જાણતા નથી તેમના પણ નીલ નિવેદન લખવાની પ્રથા છે. આ પ્રથાના લીધે તપાસ કરનારનો સમય વેડફાય છે અને કાગળનો દુર્વ્યય થાય છે. સ્ટાફની અછતના લીધે અને નાણાંકીય ખર્ચ ઘટાડવા માટે આ પ્રથા બદલવાની જરૂર છે.

૨. સી.આર.પી.સી. ની કલમ ૧૭૨ માં જણાવેલ છે કે, તપાસ કરનારને કેસ ડાયરી મેઇન્ટેન કરવી અનિવાર્ય છે પણ સી.આર.પી.સી. ની કલમ ૧૬૧ (૩) જોતાં સાક્ષીઓના નિવેદનો લખવાનું અનિવાર્ય નથી.

૩. ઉપરોકત હકીકત જોતાં એવો હુકમ કરવામાં આવે છે કે સેશન્સ ટ્રાયેબલ ગુનાઓ સિવાયના અન્ય ગુનાઓમાં જે સાક્ષીઓ અને પંચો નીલ હકીકત જણાવતા હોય એટલે કે તેમને ચાર્જશીટમાં સાક્ષી તરીકે ટાંકી શકાય તેમ ન હોય તેવી વ્યકિતઓના નિવેદનનો ઉલ્લેખ કેસ ડાયરીમાં કરવામાં આવશે પણ અલગથી તેમના નિવેદનો લખવામાં આવશે નહિ. સેશન્સ ટ્રાયેબલ ગુનાઓમાં નીલ સ્ટેટમેન્ટ લખવાની પ્રથા ચાલુ રાખવાની રહેશે.

**II ફોજદારી ગુનાઓમાં પંચનામું સી.બી.આઇ. ના ધોરણે કરવા બાબતે**

ગુજરાત રાજયમાં ફોજદારી ગુનાઓમાં પંચનામું લખવાની પધ્ધતિ અવાસ્તવિક છે. તેમાં પંચો પંચનામું લખાવતા હોય એ રીતે પંચનામું લખવામાં આવે છે. " અમો પંચો લખાવીએ છીએ. . . . ." પંચનામામાં શરૂઆતમાં જ લખવામાં આવે છે જે કોર્ટમાં પંચની ઉલટ તપાસમાં ટકી શકતું નથી.

૨. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનમાં પંચનામું લખવાની પધ્ધતિ વાસ્તવિક છે. ઝડતી પંચનામાનો પ્રફોર્મા આ સાથે સામેલ છે. આ પંચનામું તપાસ કરનાર તૈયાર કરે છે. તેમાં પંચોની સહી લેવામાં આવે છે અને ત્યારબાદ તપાસ કરનાર પંચોના નિવેદન રેકર્ડ કરે છે. આ વાસ્તવિક પધ્ધતિના લીધે પંચોની જુબાની કોર્ટમાં ભરોસાપાત્ર ગણાય છે. જેથી હવે પછી તમામ ફોજદારી ગુનાઓમાં આ સાથેના પ્રફોર્મા મુજબનું પંચનામું રેકર્ડ કરવાનું રહેશે. આમાં વધુ જરૂરી માર્ગદર્શન અને પંચનામું કેવી રીતે તૈયાર કરવું તે માટે તમામ પોલીસ કમિશનરશ્રી અને તમામ પોલીસ અધીક્ષકશ્રી તેમના હેડકવાર્ટરમાં તબકકાવાર તપાસ કરનારાઓની એક દિવસની તાલીમ શિબિર રાખશે.

૩. આ સાથે સામેલ રાખેલ ઝડતી પંચનામાનો પ્રફોર્મા સર્વગ્રાહી નથી. તેમાં જરૂરી ફેરફારો અને વિગતો ગુનાની કલમો મુજબ અને હકીકત મુજબ કરવાના રહેશે. જે અંગે તાલીમ શિબિરમાં તપાસ કરનારાઓને બરાબર સમજ કરવા સૂચના છે.

૪. જે કેસોમાં અને જે અમલદારોને હાલની પધ્ધતિ મુજબનું પંચનામું તૈયાર કરવું સરળ લાગે છે તેવા કેસોમાં હાલની પધ્ધતિ મુજબનું પંચનામું કરવામાં વાંધો નથી પણ સી.બી.આઇ. પેટર્નના પંચનામાની પધ્ધતિના અમલીકરણને પ્રોત્સાહન આપવા સૂચના છે.

૫. જે કેસોમાં સી.બી.આઇ. પેટર્નનું પંચનામુ કરવામાં આવે તેમાં પંચનું નિવેદન અવશ્ય લેવું. નીલ પંચનામું હોય અને ગુનો સેશન્સ ટ્રાયબલ ન હોય તો પંચનું નિવેદન લેવાની જરૂરીયાત રહેશે નહિ. જેની નોંધ રાખવી.

III ગુનાની તપાસમાં ગુણવત્તા લાવવા માટે જરૂરી બનેલ છે કે એક પ્રકારની તપાસ એકજ અમલદારને સુપ્રત કરવામાં આવે. દા. ત. વાહન ચોરીની તપાસ એક નિયત અમલદાર કરે. ઘરફોડ ચોરીની તપાસ બીજો નિયત અમલદાર કરે. વિશેષ કરીને મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં આમ કરવાથી ડીટેક્શનની શક્યતા પ્રબળ બને છે. જેથી તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારના પોલીસ સ્ટેશનમાં એવી પ્રથા દાખલ કરવી. પોલીસને સ્થળ ઉપર પહોંચવામાં વિલંબ નહિ થાય તેના માટે ઇન્વેસ્ટીગેશન શિફ્ટના અમલદાર ફરીયાદ દાખલ કરીને ગુનાની જગ્યાનું પંચનામું કર્યા પછી એવા વિશિષ્ટ અમલદારને તપાસ સુપ્રત કરી શકે છે. ગ્રામીણ વિસ્તારમાંના પોલીસ સ્ટેશનોમાં પણ ઉપરોક્ત પ્રથા બને ત્યાં સુધી દાખલ કરવી.

૨. અગ્રેની કચેરીના સ્થાયી હુકમ ક્રમાંકઃ ૧/૦૯ જે જા. નં. પીએસ/ એડીજીપી/ કાઅનેવ્ય/૩૫૭/૦૯, તા. ૧૮-૬-૨૦૦૯ થી તમામને પરિપત્રિત કરેલ છે તેમાં સક્ષમ અને ગ્રેજયુએટ પાસ અનાર્મ પો.કો. ને જામીન લાયક ફોજદારી ગુનાઓની તપાસ, એન.સી. ની તપાસ, અટકાયતી પગલાંની કામગીરી, અરજીની તપાસ અને જાણવાજોગની તપાસ સુપ્રત કરવા આદેશ કરેલ છે. શહેર વિસ્તારમાં એ.એસ.આઇ. અને હે.કો. ઉપર ફોજદારી ગુનાઓની તપાસનો વર્કલોડ વધારે હોવાથી તપાસોની ગુણવત્તા ઘટે છે અને વિલંબ થાય છે તેમજ ફરીયાદ દાખલ કરવાથી ટાળવાની પ્રવૃત્તિ રહે છે તે દૂર કરવા માટે સૂચના આપવામાં આવે છે કે, તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં ઇન્વેસ્ટીગેશન શિફ્ટમાં કોન્સ્ટેબલને શિફ્ટ મુજબ રાખવા અને તેમને જામીન લાયક ફોજદારી ગુનાઓની તપાસ, એન.સી. ની તપાસ, અટકાયતી પગલાંની કામગીરી, અરજીની તપાસ અને જાણવાજોગની તપાસ સુપ્રત કરવી.

૩. ઉપરોક્ત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

**બિડાણ:** ઉપર મુજબ

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ રવાના (જાણ સારૂ):**
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અગ્રેની કચેરી
  ૨- સ્થાયી હુકમ/પરિપત્રની ફાઇલમાં રાખવા સારૂ.

આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરકયુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અગ્રેની કચેરીને મોકલવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર
13.7.09

# ઝડતીમાં મળેલ વસ્તુઓની યાદી

## ઝડતી પંચનામું

**ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૧૦૩ અથવા ૧૬૫ ની જોગવાઇને આધિન પોલીસ અધિકારી દ્વારા જપ્ત કરેલ સંપત્તિની વિગત**

પો. સ્ટે. નું નામ: ગુના નં./ કલમ/તારીખ

ઝડતીની તારીખ/સમય ઝડતી કરેલ મકાન ના માલીકનુ નામ તથા સરનામું

પંચનામા દરમિયાન હાજર રહેલ પંચોના
નામ, સરનામા, ફોન નંબર

| ક્રમ નં. | જપ્ત કરેલ વસ્તુઓનું વર્ણન | જપ્ત કરેલ વસ્તુઓ જે જગ્યાએથી મળેલ છે તે જગ્યાનું વર્ણન | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

ટુંક નોંધ :
૧) આ ફોર્મ પંચો દ્વારા સહી કરેલ હોવુ જોઇએ
૨) જપ્ત કરેલ વસ્તુઓને લેબલ/નંબર લગાવી પંચો તેમજ પોલીસ અધિકારીની સહી સાથે પ્રમાણીત હોવુ જોઇએ.

જેની સંપતી જપ્ત થયેલ હોય (આરોપી સિવાય)
તેની સહી/તારીખ સાથે લેવી.
(ઝડતી વખતે હાજર હોય તો)
પંચનામાની નકલ મળી છે.

સહી

તા.

**તપાસ કરનાર પોલીસ અધિકારીની સહી** **પંચોની તારીખ સાથે સહી**

**હોદ્દો:**
**તારીખ:**